Form No.



# SAURASHTRA UNIVERSITY
## B.Ed. CENTRAL ADMISSION COMMITTEE

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શિક્ષણશાસ્ત્ર ભવન
## અને સેલ્ફ-ફાઇનાન્સ એમ.એડ્. કોલેજોમાં પ્રવેશ
## મેળવવા માટેનું અરજીપત્રક

HELPLINE
9157705323

## એમ.એડ્. (બે વર્ષ)
## M.Ed. ADMISSION : 2016-17

Price : Rs. 500/-

Academic Centre, B/h. Central Bank, Saurashtra University Campus, Rajkot - 360 005
www.saedu.in | saedu2016@gmail.com | facebook.com/saedu2016

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
# બી.એડ્. સેન્ટ્રલ એડમિશન કમિટી



ડો. પ્રતાપસિંહ ચૌહાણ
કુલપતિ



ડો. ધીરેનભાઇ પંડ્યા
કાર્યકારી કુલસચિવ



ડો. જનકભાઇ મકવાણા
કો. ઓર્ડિનેટર & ડીન
બી.એડ્. / એમ.એડ્. પ્રવેશ - ૨૦૧૬-૧૭



ડો. નિદત્ત બારોટ
અધર ઘેન - ડીન

## પ્રવેશ સમિતિના સભ્યશ્રીઓ

ડૉ. ધરમ કાંબલિયા, સિન્ડીકેટ સભ્ય
શ્રી હરદેવસિંહ જાડેજા, સિન્ડીકેટ સભ્ય
ડૉ. અજિતા જાની, ચેરમેન કન્ટેન્ટ ટીચીંગ અભ્યાસ સમિતિ
ડૉ. એન.વી.બોઝ, ચેરમેન, મેથડ ટીચીંગ અભ્યાસ સમિતિ
ડૉ. મહેશ રાવલ, સેનેટ સભ્યશ્રી
ડૉ. સુશીલ દુબે, સેનેટ સભ્યશ્રી
ડૉ. ભરત રામાનુજ, સેનેટ સભ્યશ્રી
ડૉ. લીલા કડછા, સેનેટ સભ્યશ્રી
ડૉ. અમરશી ચંદ્રાલા, સેનેટ સભ્યશ્રી
ડૉ. મનીષાબેન ગોધાણી, સેનેટ સભ્યશ્રી
ડૉ. મુકેશ ટંડેલ, સેનેટ સભ્યશ્રી
ડૉ. ભાવના મહેતા, સેનેટ સભ્યશ્રી
ડૉ. અશ્વિન રાઠોડ, સેનેટ સભ્યશ્રી
ડૉ. રેણુ ગર્ગ, સેનેટ સભ્યશ્રી
ડૉ. શરદ વ્યાસ, સેનેટ સભ્યશ્રી
ડૉ. પ્રિયવદન કોરાટ, સેનેટ સભ્યશ્રી
શ્રી મુકુંદ મહેતા, સેનેટ સભ્યશ્રી
શ્રી અરજણભાઇ ઓડેદરા, સેનેટ સભ્યશ્રી
ડૉ. સંજયકુમાર દયાલ, સેનેટ સભ્યશ્રી

# પ્રવેશાર્થીઓ માટેની સૂચના

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના શિક્ષણશાસ્ત્ર ભવન અને એમ.એડ્. કોલેજોમાં પ્રવેશ આપવા માટે મેરીટનું ધોરણ નક્કી કરવા પ્રવેશ પરીક્ષા લેવામાં આવે છે. આ પ્રવેશ પરીક્ષામાં કોઇ વિદ્યાર્થી નાપાસ થતા નથી, માત્ર મેરીટ નક્કી કરવા માટેની આ પરીક્ષા હોય છે. પ્રવેશ મેળવવા માટે આ પ્રવેશ પરીક્ષા આપવી ફરજિયાત છે.

આ પ્રવેશ પરીક્ષામાં એમ.સી.ક્યુ. પ્રકારના ૧૦૦ પ્રશ્નોના ઉત્તર આપવાના રહેશે. આ પરીક્ષામાં વિદ્યાર્થીઓએ કેલ્ક્યુલેટર, મોબાઇલ કે અન્ય કોઇ ઇલેક્ટ્રોનિક સાધનોના ઉપયોગ કરવાનો નથી.

આ પ્રકારની પરીક્ષાઓમાં એક જ સરખા ગુણ ઘણા વિદ્યાર્થીઓને આવતા હોય છે. ઉપરાંત વિદ્યાર્થીઓ સાચો જવાબ જાણતા ન હોય તેવા સંજોગોમાં અનુમાન કરી જવાબ આપતા હોય છે. આ પરિસ્થિતિને કારણે આપણી આ પરીક્ષામાં પ્રત્યેક સાચા જવાબ માટે ૧ ગુણ આપવામાં આવશે. વિદ્યાર્થી જે પ્રશ્નોનો જવાબ આપશે નહિ અને કોરો મુકશે તે માટે તેને ૦ ગુણ મળવા પાત્ર છે. પરંતુ વિદ્યાર્થી જવાબ આપે અને તે જવાબ ખોટો પડે તો પ્રત્યેક ખોટા જવાબદીઠ ૦.૨૫ ગુણ વધારાના કાપવામાં આવશે. એટલે કે જ્યારે ૦૪ પ્રશ્નોના જવાબ ખોટા આપે છે ત્યારે તેના મેળવેલ કુલ ગુણમાંથી ૧ ગુણ કપાય છે.

ઉદાહરણ : કોઇ એક પરીક્ષાર્થી ૧૦૦ પ્રશ્નોમાંથી ૮૦ પ્રશ્નોના જવાબ આપે છે જે પૈકી ૩૦ પ્રશ્નોના ઉત્તર ખોટા આપેલા છે. તો આ વિદ્યાર્થીનું મેરીટ નીચે મુજબ ગણાશે.

પ્રત્યેક સાચા જવાબના એક ૧ ગુણ લેખે ૫૦ સાચા જવાબ હોય ૫૦ ગુણ.

પ્રત્યેક ખોટા જવાબના ૦.૨૫ ગુણ બાદ કરતા ૩૦ x ૦.૨૫ = ૭.૫ ગુણ એટલે કે વિદ્યાર્થીને ૫૦ - ૭.૫ = ૪૨.૫ મેરીટ માર્ક મળશે.

**સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં આવેલ એમ.એડ્. કોલેજોની વિગત અને તેની ફી નીચે મુજબ છે.**

**(૧) શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી**

**(૨) ટી.એન. રાવ કોલેજ, રાજકોટ**

**(૩) શ્રીમતી આર.ડી. ગારડી કોલેજ, રાજકોટ**

**(૪) શ્રીમતી એમ.જે. ગજેરા મહિલા બી.એડ્. કોલેજ, અમરેલી**

**(૫) રતિલાલ વઘાસિયા એમ.એડ્. કોલેજ, ભૂતવડ**

**(૬) મહિલા એજ્યુકેશન કોલેજ, આટકોટ**

વેબસાઇટ ઉપર કોલેજોના તેના સરનામા સહિતની વિગતો મુકવામાં આવેલ છે.

પરીક્ષાર્થીએ કોઇપણ પ્રકારની સ્પષ્ટતા માટે હેલ્પલાઇન નં. 9157705323 પર સંપર્ક કરવાનો રહેશે.

આ પ્રવેશ પરીક્ષાના એકમાત્ર કેન્દ્ર સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ રહેશે.

આ પ્રવેશ ફોર્મમાં કોલેજ પસંદગી ક્રમ આપતી વખતે ભવન અને કોલેજોની ફી અંગેની વિગત બરાબર ચકાસી લેવાની રહેશે.

વિદ્યાર્થીએ પસંદ કરેલ કોલેજ ક્રમ મુજબ મેરીટના આધારે તેનો પ્રવેશ ફાળવવામાં આવશે.

પ્રવેશ મેરીટના આધારે પસંદગી ક્રમ મુજબ જે કોલેજમાં પ્રવેશ મળતો હશે તેમાં ફરજિયાતપણે લેવાનો રહેશે. અન્યથા પ્રવેશ મેળવવા માંગતા નથી એમ માની લેવામાં આવશે. ત્યાર પછીની પ્રવેશ પ્રક્રિયામાં તેઓ ભાગ લઇ શકશે નહિ.

પ્રથમ રાઉન્ડ બાદની પ્રવેશ કાર્યવાહીની વિગતો અને સૂચના વેબસાઇટ ઉપર મુકવામાં આવશે માટે વિદ્યાર્થીઓએ પ્રવેશ કાર્યવાહી વખતે શક્ય હોય ત્યાં સુધી દરરોજ વેબસાઇટ ઉપરની સૂચના ચકાસતી રહેવી.

પ્રવેશ ફોર્મ નિયત કરેલ સરનામા પર પોસ્ટ દ્વારા મોકલ્યા બાદ પ્રવેશની તમામ કાર્યવાહી ઓનલાઈન કરવામાં આવશે.

**ફોર્મ અંગેની ચકાસણી કરતી વખતે અને હેલ્પલાઈન દ્વારા માહિતી મેળવતી વખતે તથા ભવિષ્યના તમામ વ્યવહાર વખતે તમારે આ માહિતીની જરૂર પડશે : (૧) યુઝરનેઈમ અને (૨) પાસવર્ડ. આ વિગત તમને આ ફોર્મ સાથે આપેલા અલગ કવરમાં મળશે.**

# Instructions to candidates appearing for M.Ed. Entrance Test

**Total Marks of Test 100**

(1) This Test Booklet contains parts :

**(1) Section – A : General Awareness : Q.1 to 30**

**(2) Section – B : General Mental Ability : Q. 31 to 60**

**(3) Section – C : Teacher Profession Knowledge : Q. 61 to 100**

(2) There are **100** questions in the test booklet. The answer of each question is any **one** out of (A), **(B)**, (C) and **(D)**. Four alternatives are given with the question. You have to answer all the questions.

(3) Each correct answer carries one mark.

**(4)** For each wrong answer 1/4 mark will be deducted.

**(5)** You have to answer on the OMR Sheet given separately to you. For example :

Which state of India has the longest sea coast ?

**(A) Maharashtra** **(B) Tamilnadu**

**(C) Gujarat** **(D) Andra Pradesh**

In OMR answer sheet :

(A) (B) ⬤ (D)

The True answer is 'C' Hence circle of 'C' is blackened (encoded).

(6) Don't write anything on the test booklet.

(7) **Hand over Test Booklet and OMR answer sheet to the supervisor, after examination is over.**

(8) Time limit for this test is **90 minutes.**

(9) Use **blue or black inked ballpoint pen** for filling responses in the OMR Answer Sheet. Any other ink, pen or pencil is strictly prohibited.

---

# એમ.એડ્. પ્રવેશ પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ માટે સૂચનો

**પરિક્ષાના કુલ ગુણ ૧૦૦**

(૧) આ કસોટીમાં ત્રણ વિભાગ છે :

(૧) વિભાગ – અ : સામાન્ય જાગૃતિ : પ્રશ્ન ૧ થી ૩૦

(૨) વિભાગ – બ : સામાન્ય માનસિક ક્ષમતા : પ્રશ્ન ૩૧ થી ૬૦

(૩) વિભાગ – ક : શિક્ષક વ્યવસાય જ્ઞાન : પ્રશ્ન ૬૧ થી ૧૦૦

(૨) આ પ્રશ્નપુસ્તિકામાં કુલ ૧૦૦ પ્રશ્નો છે. પ્રત્યક પ્રશ્નનો ઉત્તર (A), (B), (C) અને (D) પૈકી કોઇ એક છે. પ્રશ્નની સાથે જ ચારેય વિકલ્પો આપવામાં આવેલા છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે.

(૩) પ્રત્યેક પ્રશ્નના સાચા ઉત્તર માટે ૧ (એક) ગુણ છે.

(૪) પ્રત્યેક ખોટા ઉત્તર માટે ૧/૪ ગુણ કાપવામાં આવશે.

(૫) ઉત્તર આપવા માટે અલગ ઉત્તરવહી (OMR SHEET) આપી છે.

ઉત્તર નીચેના ઉદાહરણ પ્રમાણે આપવાના છે.

ભારતનું ક્યું રાજ્ય સૌથી લાંબો દરિયા – કિનારો ધરાવે છે ?

(A) મહારાષ્ટ્ર (B) તામિલનાડુ (C) ગુજરાત (D) આંધ્રપ્રદેશ

ઉત્તરવહી (Answer Sheet) માં

(A) (B) ⬤ (D)

ઉપરોક્ત પ્રશ્નનો સાચો ઉત્તર 'C' છે. આથી 'C' વર્તુળ કાળું (encode) કરેલ છે.

(૬) આ પ્રશ્નપુસ્તિકામાં કશું જ લખવાનું નથી.

(૭) સમય પૂર્ણ થયે પ્રશ્નપુસ્તિકા અને ઉત્તરવહી ખંડનિરીક્ષકને પરત સોંપી દેવી.

(૮) કસોટીની સમય મર્યાદા ૯૦ મિનિટ છે.

(૯) ઉત્તરવહીમાં ઉત્તરો વાદળી કે કાળી શાહીની બોલપોઇન્ટ પેનથી આપવાના છે. અન્ય શાહી, પેન કે પેન્સિલનો ઉપયોગ કરી શકાશે નહિ.

## ફોર્મની સાથે જોડવાના ડોક્યુમેન્ટની યાદી :

(૧) B.Ed. ની માર્કશીટની ઝેરોક્ષ જોડવી.

(૨) Caste/Category લાગુ પડતી હોય તો તેનું પ્રમાણપત્ર.

(૩) SEBC કેટેગરીમાં આવતા વિદ્યાર્થીઓએ વર્ષ : ૨૦૧૬-૧૭ (૦૧-૦૪-૨૦૧૬) પછીનું નોન-ક્રિમીલેયરનું પ્રમાણપત્ર જોડવું.

# અગત્યનું સમયપત્રક

| | |
|---|---|
| પ્રવેશફોર્મ ભરી અને પરત પહોંચાડવાની તારીખ | ૦૨/૪/૨૦૧૬ શનિવાર થી<br>૩૦/૪/૨૦૧૬ શનિવાર સુધી |
| અરજીપત્રક ભરેલ વિદ્યાર્થીઓના નામ, પરીક્ષાના સેન્ટર સ્થળ અને વિદ્યાર્થીએ પસંદ કરેલ કોલેજની વિગત દર્શાવતી બાબત જાહેર કરવાની તારીખ | ૧૫/૫/૨૦૧૬, રવિવાર |
| વિદ્યાર્થીઓએ ભરેલ ફોર્મમાં સુધારા - વધારા કરવા માટે તારીખ | ૧૫/૫/૨૦૧૬, રવિવાર થી<br>૨૫/૫/૨૦૧૬, બુધવાર સુધી |
| સીટ નંબર જાહેર કરવાની તારીખ | ૨૬/૫/૨૦૧૬, ગુરૂવાર |
| પ્રવેશ પરીક્ષાની તારીખ | ૨૯/૫/૨૦૧૬, રવિવાર<br>બી.એડ્. ૧.૦૦ થી ૩.૦૦ p.m.<br>એમ.એડ્. ૩.૦૦ થી ૫.૦૦ p.m. |
| પ્રવેશ પરીક્ષાના પરિણામ અને મેરીટ લીસ્ટની તારીખ | ૫/૬/૨૦૧૬, રવિવાર, |
| મોક રાઉન્ડની તારીખ | ૬/૬/૨૦૧૬, સોમવાર |
| વિદ્યાર્થીએ પસંદ કરેલ કોલેજોમાં ફેરફાર કરવા માટેની તારીખ | ૭/૬/૨૦૧૬, મંગળવાર થી<br>૯/૬/૨૦૧૬, ગુરૂવાર |
| પ્રથમ રાઉન્ડની તારીખ | ૧૧/૬/૨૦૧૬, શનિવાર |
| વિદ્યાર્થીઓને પ્રથમ રાઉન્ડમાં પ્રવેશ મળેલ કોલેજમાં ફી ભરવાની તારીખ | ૧૨/૬/૨૦૧૬, રવિવાર થી<br>૧૫/૬/૨૦૧૬, બુધવાર |
| બીજા રાઉન્ડની તારીખ | ૧૬/૬/૨૦૧૬, ગુરૂવાર |
| વિદ્યાર્થીઓને બીજા રાઉન્ડમાં પ્રવેશ મળેલ કોલેજમાં ફી ભરવાની તારીખ | ૧૭/૬/૨૦૧૬, શુક્રવાર થી<br>૧૯/૬/૨૦૧૬, રવિવાર |
| કોલેજ શરૂ થવાની તારીખ | ૧૬/૬/૨૦૧૬, ગુરૂવાર |
| જરૂર પડશે તો પ્રવેશ માટેના છેલ્લા રાઉન્ડની સંભવિત તારીખ | ૨૩/૬/૨૦૧૬, ગુરૂવાર |
| વિદ્યાર્થીઓને છેલ્લા રાઉન્ડમાં પ્રવેશ મળેલ કોલેજમાં ફી ભરવાની તારીખ | ૨૪/૬/૨૦૧૬, શુક્રવાર થી<br>૨૬/૬/૨૦૧૬, રવિવાર |

# એમ.એડ્. પ્રવેશ માટે માર્ગદર્શક સૂચના

## વિભાગ - ૧

### ખાસ નોંધ :

**(૧) સાથેની માર્ગદર્શક સૂચનાઓનો કાળજીપૂર્વક અભ્યાસ કર્યા બાદ જ અરજીપત્રક ભરો.**

**(૨) વિદ્યાર્થીએ પ્રવેશના રાઉન્ડ બાદ કોલેજ લઈ જવાના પત્રકોની યાદી :**

**(અ) ડાઉનલોડ કરેલ એડમીશન મેમો**

**(બ) ધો. ૧૦, ૧૨ અને સ્નાતક કક્ષા સુધીના તમામ ઓરીજીનલ ગુણપત્રક અને તેની દરેકની એક–એક ઝેરોક્ષ નકલ**

**(ક) અનામત કેટેગરી અથવા અન્ય કોઈપણ કેટેગરીનો લાભ લીધેલા ઉમેદવારોએ જે તે કેટેગરીના ઓરીજીનલ પ્રમાણપત્રો તથા દરેકની એક–એક ઝેરોક્ષ કોપી સાથે લાવવાની રહેશે અન્યથા તેમને અનામત / કેટેગરીનો લાભ મળી શકશે નહિ.**

**(ડ) SEBC કેટેગરીમાં આવતા ઉમેદવારોએ તા. ૩૧/૩/૨૦૧૬ પછી કઢાવેલું ક્રિમીલેયર સર્ટીફિકેટ પ્રવેશ સમયે રજૂ કરવાનું રહેશે. અન્યથા તેમને SEBCકેટેગરીનો લાભ મળી શકશે નહિ અને લીધેલો પ્રવેશ રદ થશે.**

૧. બી.એડ્. અથવા સમકક્ષ અભ્યાસક્રમમાં સ્નાતક હોવું જરૂરી

૨. NCTE ના નિયમ પ્રમાણે SC,ST અને SEBC કેટેગરી સિવાયના વિદ્યાર્થીઓ સ્નાતક અથવા તે જ વિષયના અનુસ્નાતક કક્ષાએ લઘુતમ 50 ટકા ગુણ ધરાવતા હશે તો જ પ્રવેશ માટે પાત્રતા ધરાવશે. (SC,ST અને SEBC કેટેગરીવાળા વિદ્યાર્થીઓને 5 ટકા છૂટ મળશે. તે માટે તેમણે પ્રવેશ સમયે તેમના પૂરાવાઓ રજૂ કરવાના રહેશે.)

૩. વિકલાંગ ધારા મુજબ PH/VH કેટેગરીની ૩% બેઠકો અને Ex Service Men ૧% બેઠક અનામત રાખવામાં આવશે.

૪. અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજોની પ્રવેશ કાર્યવાહી એક સાથે મધ્યસ્થ પ્રવેશ સમિતિ દ્વારા જ થશે. મેનેજમેન્ટ ક્વોટામાં પ્રવેશ મેળવવા ઈચ્છનારે પણ પ્રવેશ ફોર્મ ભરવું ફરજિયાત છે.

**૫. એમ.એડ્. મધ્યસ્થ પ્રવેશ સમિતિના કાર્યાલયનું સરનામું નીચે મુજબ છે.**

**ડો. જનકભાઈ મકવાણા, કો-ઓર્ડિનેટર**
**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી બી.એડ્. સેન્ટ્રલ એડમિશન કમિટી**
**(બી.એડ્./એમ.એડ્. મધ્યસ્થ પ્રવેશ) : ૨૦૧૬-૧૭**
**C/o. એકેડેમિક સેન્ટર, સેન્ટ્રલ બેંક પાછળ,**
**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ, રાજકોટ - ૩૬૦ ૦૦૫**

૬. અરજીપત્રક તા.૩૦/૪/૨૦૧૬ સુધીમાં માર્ગદર્શક પત્રિકા સાથે જોડેલા કવરમાં સીલ કરીને Po.Box No.1522, Saurashtra University Campus, Rajkot ના સરનામે પહોંચાડવાનું રહેશે. આ અરજીપત્રક મોકલી દીધાના દિવસ - ૧૦માં યુનિવર્સિટી તરફથી જો આપને આપે ફોર્મમાં આપેલ મોબાઈલ નંબર પર SMS દ્વારા જાણ કરવામાં ન આવે તો આપ મોબાઈલ નં 9157705323 ઉપર ફોન કરી અને તમારું સ્ટેટસ જાણી શકશો.

૭. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ જાતિ અંગેનું તેમજ 'ઉન્નત વર્ગ'ની વ્યક્તિ જૂથમાં સમાવેશ થતો નથી, તે માટે નીચે દર્શાવેલ સક્ષમ અધિકારીશ્રીઓ દ્વારા એપ્રિલ, ૨૦૧૬ અથવા ત્યારબાદ પ્રમાણિત થયેલો નિયત દાખલો જ અચૂક સાથે જોડવાનો રહેશે. (૧) જિલ્લા મેજિસ્ટ્રેટ (૨) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ (૩) ડેપ્યુટી કમિશ્નર (૪) અધિક ડેપ્યુટી કમિશ્નર (૫) કલેક્ટર (૬) નાયબ કલેક્ટર (૭) મામલતદાર

૮. અનામતના તમામ નિયમો પ્રવેશ જાહેરાતના દિવસે અમલમાં હશે તે જ લાગુ પડશે.

૯. બહારની યુનિવર્સિટીના ઉમેદવારે પ્રવેશ મળ્યેથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું પ્રોવિઝનલ એલિજિબિલીટી સર્ટીફિકેટ રજુ કરવાનું રહેશે.

૧૦. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં સ્નાતક પાસ થયા હોય પણ અનુસ્નાતક અભ્યાસ માટે અન્ય યુનિવર્સિટીમાં દાખલ થયા હોય તેમણે પણ પ્રવેશ મળ્યેથી પ્રોવિઝનલ એલિજિબિલીટી સર્ટિફિકેટ કઢાવવાનું રહેશે.

૧૧. વિદ્યાર્થી માટે જે તે કોલેજના શિસ્તના નિયમો બંધનકર્તા રહેશે.

૧૨. ભવિષ્યમાં પ્રવેશ સંબંધી કોઈપણ પૂછપરછ માટે યુઝરનેમ અને પાસવર્ડનો ઉપયોગ કરવાનો રહેશે.

# એમ.એડ્. પ્રવેશના નિયમો : ૨૦૧૬-૧૭

૧. અનામત જૂથોની પ્રવેશ અંગેની ટકાવારીનું ધોરણ સરકારશ્રીના નિયમો મુજબ આ પ્રમાણે છે.

| અનામત જૂથ | અનામત પ્રવેશ અંગેની ટકાવારી | વિગત |
|---|---|---|
| SC | (7%) | |
| ST | (15%)) | |
| SEBC | (27%) | |
| PH/VH | (3%) | વિકલાંગ ધારા મુજબ |
| OUG | (7%) | |
| OU | (2%) | |
| EXS | (1%) | |
| KM | | (માત્ર એક બેઠક કાશ્મીર માઈગ્રન્ટ માટે) |

૨. એન.સી.ટી.ઈ. ના નિયમાનુસાર સ્નાતક કક્ષાએ અથવા અનુસ્નાતક કક્ષાએ જરૂરી ૫૦% અને રીઝર્વ કેટેગરીના વિદ્યાર્થીઓ માટે ૪૫% ગુણ મેળવવા ફરજિયાત છે.

૩. પ્રવેશ સંપૂર્ણપણે પ્રવેશ પરીક્ષાના મેરીટના ધોરણે અપાશે, પરંતુ મહિલા કોલેજમાં પુરુષ ઉમેદવાર તેમજ પુરુષ કોલેજમાં મહિલા ઉમેદવાર પ્રવેશપાત્ર નથી.

૪. સ્વનિર્ભર સંસ્થાઓ માટે ફીનું ધોરણ સરકારશ્રી અને સરકારશ્રી દ્વારા નિયુક્ત ફી નિર્ધારણ સમિતિ જે નક્કી કરે તેને આધીન રહેશે, જે પ્રવેશપાત્રને બંધનકર્તા રહેશે.

૫. મેરિટ લિસ્ટ માટે પ્રવેશગુણાંકની ગણતરી આ પ્રમાણે થશે. **પ્રવેશ ગુણાંક =** **પ્રવેશ પરીક્ષામાં મેળવેલ ગુણ**

જો પ્રવેશ ગુણાંક સરખા હશે તો બી.એડ્. ના કુલ ગુણ ધ્યાને લેવામાં આવશે.

૬. પ્રવેશ ગુણાંકન, બેઠક ફાળવણી, કોલેજ પસંદગી વગેરેનું અર્થઘટન કરવામાં એમ.એડ્. પ્રવેશ સમિતિનો નિર્ણય આખરી ગણાશે.

૭. પ્રવેશની સમગ્ર પ્રક્રિયા દરમ્યાન ઉમેદવાર તરફથી સમિતિના કોઈપણ સભ્યને ધાકધમકી કે દબાણ કરવામાં આવશે તો પ્રવેશ રદ કરવાનો અધિકાર પ્રવેશ સમિતિનો રહેશે.

**૮. મેનેજમેન્ટ ક્વોટામાં પ્રવેશ મેળવવા ઈચ્છનારે પણ ફોર્મ ભરવું અને પ્રવેશ પરીક્ષા આપવી ફરજિયાત છે.**

૯. કોઈ પણ યુનિવર્સિટી દ્વારા સજા પામેલ ઉમેદવાર પ્રવેશપાત્ર ગણાશે નહીં, શરતચૂકથી પ્રવેશ મેળવેલ / અપાયેલ આવા વિદ્યાર્થીનો પ્રવેશ જાણ થતાની સાથે જ રદ થશે. ઉપરાંત વિદ્યાર્થી અથવા પ્રવેશ સમિતિની ભૂલને કારણે અપાયેલ પ્રવેશ જાણ થતા જ રદ કરાશે.

૧૦. વિદ્યાર્થીએ જેમ એમ.એડ્. કોલેજમાં પ્રવેશ લીધા પછી એનલીસ્ટમેન્ટ કરાવ્યું હશે તે જ કોલેજમાં તમામ ચાર સેમેસ્ટર પૂરા કરવાના રહેશે. અભ્યાસક્રમના વચ્ચેના સેમેસ્ટરથી અન્ય કોલેજમાં ટ્રાન્સફર થઈ શકશે નહિ.

## વિભાગ - ૨

# M.Ed. Admission - Category Code

**Annexure-1 / પરિશિષ્ટ - ૧**
**M.Ed. Admission University Code**

| Code / કોડ | University / યુનિવર્સિટી |
|---|---|
| 01 | SU / (સૌરાષ્ટ્ર યુનિવર્સિટી) |
| 02 | OUG / (સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સિવાયની ગુજરાત રાજ્યની અન્ય યુનિવર્સિટી) |
| 03 | OU / (ગુજરાત રાજ્ય બહારની યુનિવર્સિટી) |

**Annexure-2 / પરિશિષ્ટ - ૨**
**M.Ed. Admission Caste Category Code**

| Code /કોડ | Caste Category / જાતિ |
|---|---|
| 01 | SC / (અનુસૂચિત જાતિ) |
| 02 | ST / (અનુસૂચિત જનજાતિ) |
| 03 | SEBC / (સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત) |
| 04 | GENERAL |

**Annexure-3 / પરીશિષ્ટ - ૩**
**M.Ed. Admission Special Code**

| Code / કોડ | Special Code / સ્પેશ્યલ કોડ |
|---|---|
| 01 | PH / (અંધ સિવાયના વિકલાંગ) |
| 02 | EXS (એક્સ સર્વિસમેન) |
| 03 | KM (કાશ્મીર માઈગ્રન્ટ) |
| 04 | VH (ફક્ત અંધ) |

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન કોલેજોની વિગત ગ્રાન્ટ-ઇન-એઇડ / સરકારી

| NO. | College Code | College Name | Address | College Short Name | City | Taluka | District | Contact No. | Web |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 061 | **Department of Education Saurashtra University** | Saurashtra Univesity Rajkot | **SAURASHTRA UNIVERSITY** | Rajkot | Rajkot | Rajkot | 0281 2578501 | -- |

# સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાઓમાં આવેલી સેલ્ફ-ફાઇનાન્સ કોલેજોની વિગત

| NO. | College Code | College Name | Address | College Short Name | City | Taluka | District | Contact No. | Web |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 011 | **Shri Amreli Jilla Leauva Patel Charitable Trust Sanchalit Smt. M.J. Gajera Mahila B.Ed. College** | Smt. Shantaben Gajera Shaikshanik Sankul Chakkargadh Road Near Bypass, Amreli | **GAJERA** | AMRELI | AMRELI | AMRELI | 02792 232321 | -- |
| 2 | 033 | **Late Ratilal Vaghasiya Trust Smarak Sanchalit, Shri Sarawati Shikshan B.Ed. College** | Dhoraji Road, Bhutvad (Ta. Dhoraji) - 360410 | -- | BHUTVAD | DHORAJI | RAJKOT | (O) 02824 - 222880 9898844284 | www.rvstrust.org |
| 3 | 035 | **D.B. Patel Education Trust Sanchalit, Mahila Education College** | Kailash Nagar, Bhavnagar Highway, Atkot | **VC ATKOT** | ATKOT | JASDAN | RAJKOT | 02821 - 288073 7567499928 | --- |
| 4 | 039 | **Sadabhavana Charitable Trust Sanchalit, Smt. R.D. Gardi College of Education** | Opp. Motel the Village Kalawad Road, Rajkot - 360 005 | **RD GARDI RAJKOT** | HARIPAR (RAJKOT) | LODHIKA | RAJKOT | 0281 2783485 | www. rdgardicampus.org |
| 5 | 049 | **Shri Savyasachi Education Trust Sanchalit, T N Rao College** | B/H. M.C.A. Department Nr. Saurashtra Univecity Rajkot - 5 | **TN RAO RAJKOT** | RAJKOT | RAJKOT | RAJKOT | C- 2589581,82 98985 30007 | www.tnraocollege.org |

ફોર્મ નં.

# એમ.એડ્. પ્રવેશ ફોર્મ : ૨૦૧૬-૧૭

**આ પ્રવેશ ફોર્મ ભરીને મોકલવાનું છે.**

**(ફોર્મ ભર્યા પછી વિદ્યાર્થીએ ફોર્મની ઝેરોક્ષ નકલ પોતાની પાસે રાખવી)**

**પ્રવેશ પરીક્ષા વખતે આ પાનાની ઝેરોક્ષ સાથે રાખવી ફરજીયાત છે જેના આધારે પરીક્ષા ખંડમાં પ્રવેશ આપવામાં આવશે.**

## વિદ્યાર્થીની વિગત (કેપીટલ અક્ષરમાં લખવું)

વિદ્યાર્થીનો ફોટો અહીં લગાવવો

અટક
Surname

નામ
Name

પિતા / પતિનું નામ
Father/Husband Name

જાતિ
Gender ☐ Male ☐ Female (લાગુ પડતું હોય ત્યાં ☑ કરો.)

કેટેગરી
Category (પરિશિષ્ટ - ૨ મુજબ જોઇને કેટેગરીનો કોડ લખવો. પાના નં. 06)

સબ-કેટેગરી
Sub-Category (પરિશિષ્ટ - ૩ મુજબ જોઇને સબ કેટેગરીનો કોડ લખવો. પાના નં. 06)

જન્મ તારીખ
Date of Birth __ / __ / ____ (DD/MM/YYYY)

વિદ્યાર્થીની સહી

મોબાઇલ નં.
Mobile No. (પ્રવેશ સમિતિ તરફથી સૂચના આ નંબર પર આપવામાં આવશે.)

ઇ-મેઇલ
Email

સરનામું
Address

## બી.એડ્.ની વિગત

| પાસ કર્યાનું વર્ષ | સીટ નંબર | કુલ ગુણ | મેળવેલ ગુણ | % (ટકા) |
|---|---|---|---|---|
| | | | | |

## બી.એડ્.ની વિગત

યુનિવર્સિટી
University (પરિશિષ્ટ - ૧ મુજબ યુનિવર્સિટી કોડ લખવો. પાના નં. 05)

SAMPLE FORM

# ફોર્મની સાથે જોડવાના બિડાણ

(બિડાણ જોડી અને આપેલ બોક્સમાં ટીક ✓ કરવું)

- ☐ B.Ed.ની માર્કશીટની ઝેરોક્ષ
- ☐ સ્કુલ લિવિંગ સર્ટિફિકેટની ઝેરોક્ષ
- ☐ અનામતને લગતા પ્રમાણપત્રોની ઝેરોક્ષ (SC, ST, SEBC, Non-Cremelayer, PH વગેરે લાગુ પડતું)
- ☐ Ex.Serviceman સર્ટિફિકેટ લાગુ પડતુ હોય તો સર્ટિફિકેટની ઝેરોક્ષ જોડવી.
- ☐ KM(કાશ્મીર માઈગ્રન્ટ) ની ઝેરોક્ષ – કાશ્મીરથી આવેલા લોકો પૈકી જો કોઈ વિદ્યાર્થી હોય તો તેણે કાશ્મીર માઈગ્રન્ટનું સર્ટિફિકેટની ઝેરોક્ષ જોડવી. આ માટે એક બેઠક અનામત રાખવામાં આવેલ છે.

# વિદ્યાર્થીએ પસંદગીની કોલેજ માટે ભરવાનું પત્રક

એમ.એડ્. પ્રવેશ : ૨૦૧૬–૧૭ માટેનું અરજીપત્રક, તેમાં આપેલી સૂચનાઓ, નિયમો મેં વાંચ્યા છે. નીચે દર્શાવેલ ક્રમાનુસાર હું પ્રવેશ મેળવવા ઈચ્છું છું. એટલે કે મેં પસંદગી કરેલી પ્રથમ કોલેજ એ મારી પ્રવેશ મેળવવા માટેની પ્રથમ પસંદગીની કોલેજ છે. જો મેરીટ મુજબ તે કોલેજમાં પ્રવેશ ન મળતો હોય તો તેના પછીની ક્રમ અનુસાર મેં કોલેજો પસંદ કરી છે. આ પસંદગી આપતા પહેલા કોલેજોની તમામ વિગતો મેં જાણેલ છે. મેં પસંદ કરેલ કોલેજમાં મને પ્રવેશ મળે અને હું નિયત સમય મર્યાદામાં ફી ન ભરું તો મને મળેલો પ્રવેશ આપોઆપ રદ થાય છે તે હું જાણું છું. એન.સી.ટી.ઈ. ના નિયમાનુસાર સ્નાતક કક્ષાએ / અનુસ્નાતક કક્ષાએ મારી લાયકાત જો પૂર્ણ નહી થાય તો મારો પ્રવેશ રદ થવા પાત્ર છે તેની મને જાણ છે. આગળના સેમેસ્ટરની પરીક્ષા બાકી રહી હશે તો એટલે કે પ્રવેશ સમયે મારું પરિણામ વીથહેલ્ડ હશે તો પણ મારો પ્રવેશ રદ થશે તે હું જાણું છું.

મેં જેટલી કોલેજમાં પસંદગી દર્શાવી છે તેટલી જ કોલેજમાં હું મારી પસંદગી ક્રમ અનુસાર પ્રવેશ લેવા માગું છું. એમ.એડ્. કોલેજનું કાર્ય સતત ચાર સત્રમાં વહેંચાયેલું હોવાથી હું જે કોલેજમાં પ્રવેશ મેળવું તે જ કોલેજમાં ચાર સેમેસ્ટર સુધી અભ્યાસ કરવાનો રહેશે, અન્ય કોલેજમાં સમગ્ર અભ્યાસ દરમ્યાન ટ્રાન્સફર થઇ શકશે નહીં તેની મને જાણ છે.

વાલીની સહી — વિદ્યાર્થીની સહી

| મારી પસંદગીની કોલેજનો ક્રમ | કોલેજનો કોડ નં. | કોલેજનું ટૂંકું નામ |
|---|---|---|
| ૧ | | |
| ૨ | | |
| ૩ | | |
| ૪ | | |
| ૫ | | |
| ૬ | | |

SAMPLE FORM

# કાર્ય પ્રવાહ
# Work flow

સેન્ટર પરથી ફોર્મ અને પુસ્તિકા મેળવવું

પુસ્તિકામાં આપેલ વિગત જરૂર વાંચવી

૧. પ્રવેશાર્થી માટેની સૂચના
૨. પરીક્ષા સેન્ટર
૩. યુનિવર્સિટી ભવન અને સ્વનિર્ભર કોલેજની વિગત
૪. ફોર્મ સાથે જોડવાની વિગત
૫. સમયપત્રક
૬. પ્રવેશ નિયમ
૭. પ્રવેશ પરીક્ષા માટેનું માળખું

ફોર્મ માટેનું છેલ્લુ પેઇજ કાપી લેવું

૧. વિદ્યાર્થીની વિગત
૨. વિદ્યાર્થીના ફોટા અને સહી
૩. B.Ed. ની માર્કશીટ
૪. મોબાઇલ નંબર કાળજીપુર્વક લખવો
૫. પસંદગીની કોલેજો ક્રમ અનુસાર લખવી
૬. આ ફોર્મની ઝેરોક્ષ તમારી પાસે રાખવી

ફોર્મ સાથે જરૂરિયાત મુજબના ડોક્યુમેન્ટ જોડવા

સાથે આપેલ ટીકીટ ચોટાડેલ સફેદ કવરમાં તમે ભરેલ ફોર્મ અને ડોક્યુમેન્ટ નાખવા. તમારે ટીકીટ ચોટાડવાની નથી, પરંતુ જો ૨૦ ગ્રામથી વધુ વજન હોય તો એ પ્રમાણે ટીકીટ ચોટાડવી

ફોર્મને વ્યવસ્થિત સીલબંધ કરી અને From તરીકે તમારૂં સરનામું અને તમારો મોબાઇલ નંબર લખવો

ભરેલું ફોર્મ પોસ્ટ કરવું અને 30/04/2016 સુધીમાં ફોર્મ પહોંચાડવું

દસ દિવસ સુધીમાં પાસવર્ડનો SMS મળી જશે અને પાસવર્ડ ન મળે તો ૯૧૫૭૭૦૫૩૨૩ પર સંપર્ક કરવાનો રહેશે

પાસવર્ડ મળી જાય પછી ઓનલાઇન ડેટા ચેક કરવો (15/5/2016 થી 25/05/2016)

સીટ નંબર માટેનો SMS મળશે

પ્રવેશ પરીક્ષા (29/05/2016)

મેરીટ લીસ્ટ (05/06/2016)

મેરીટ લીસ્ટ પ્રમાણે મોક રાઉન્ડ બહાર પાડવામાં આવશે (06/06/2016)

વિદ્યાર્થીએ પસંદ કરેલ કોલેજમાં 07/06/2016 થી 09/06/2016 સુધીમાં ફેરફાર કરી શકશે

પ્રથમ રાઉન્ડની તારીખ 11/06/2016

પ્રથમ રાઉન્ડની ફી ભરવાની તારીખ 12/06/2016 થી 15/06/2016

બીજા રાઉન્ડની તારીખ 16/06/2016

બીજા રાઉન્ડની ફી ભરવાની તારીખ 17/06/2016 થી 19/06/2016

કોલેજ શરૂ થવાની તારીખ 16/06/2016

જરૂર પડે તો છેલ્લા રાઉન્ડની તારીખ 23/06/2016

છેલ્લા રાઉન્ડની ફી ભરવાની તારીખ 24/06/2016 થી 26/06/2016

# ડો. જનકભાઈ મકવાણા

કો-ઓર્ડિનેટર
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી બી.એડ્. સેન્ટ્રલ એડમિશન કમિટી
(બી.એડ્./એમ.એડ્. મધ્યસ્થ પ્રવેશ) : ૨૦૧૬-૧૭
C/o. એકેડેમિક સેન્ટર, સેન્ટ્રલ બેંક પાછળ,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ, રાજકોટ - ૩૬૦ ૦૦૫